|| ॐ શ્રી સાઈરામ |

|| ॐ  શ્રી સાઈ શિરડીસાઈ અભેદ

શક્યવતારાય નમ:।। (૨૯)

## ભગવાન શ્રી સત્ય સાઈ બાબા, જેમની અવતાર શક્તિ શિરડી સાઈ અવતારથી ભિન્ન નથી તેમને અમારા નમસ્કાર છે.

ભગવાન શ્રી સત્યસાઈબાબા એ તેમના જન્મપૂર્વે અને જન્મ થયો ત્યાર થી, પોતે ઈશ્વરી અવતાર હોવાનું, વિવિધ ચમત્કારો દ્વારા સિદ્ધ કર્યું છે. પરંતુ ૨૩ મે ૧૯૪૦ (ને દિવસે) રોજ સર્વપ્રથમ હું સાઈબાબા છું એવી ઘોષણા તેમણે કરી હતી એટલું જ નહી, પણ બાબાએ ખોબા (હાથ) માંના ચમેલીના ફૂલ જમીન ઉપર નાંખ્યા અને તેમાંથી નિર્માણ થયેલાં તેલુગુ ભાષાનું લખાણ સાઈબાબા અક્ષરો બધાએ જોયા હતા.

આ ઘટનાના હજારો વર્ષો પૂર્વે ઋષિ ભૃગુ, અગત્સ્ય, વશિષ્ટ અને શુકમુનિ એ ભોજપત્ર ઉપર સંસ્કૃત ભાષામાં સાઈના- શિરડી સાઈ, સત્યસાઈ અને પ્રેમ સાઈ આ અવતારો વિશે લખી રાખ્યું છે.

ભગવાન શ્રી સત્યસાઈએ અવતાર ધારણ કર્યા પછી, પોતે શિરડી સાઈ છે, તે અનેક લીલાઓમાં બતાવ્યું છે. શારદાઅમ્મા આ શિરડી અવતારનો સહવાસનો લાભ પ્રાપ્ત કરી ચૂકેલા સ્ત્રીભક્ત હતા. તેઓ તેમનું આગળનું જીવન પુટ્ટપર્તિમાં સત્યસાઈ અવતારના સાંનિધ્યમાં ગાળીને કૃતાર્થ થયા. શ્રીમતી હિરાબાઈ બડોદેકર, શ્રી પાંડુરંગ દીક્ષિતના માતાજી આ પણ બન્ને અવતારનું દર્શન લઈને ધન્ય થયા. બન્ને અવતારોની બોલવાની, આવિર્ભાવ કરવાની, ચમત્કાર કરવાની પદ્ધતિમાં તેમને ઘણું સામ્ય દેખાયું.

ધર્મક્ષેત્રની સ્થાપના પૂર્વેની આ એક કથા. એકવાર સ્વામી મુંબઈ આવ્યા હતા. તે દરમ્યાન (દરમિયાન) અંધેરીમાં રહેતા મોદીના બંગલે તેમનો વસવાટ હતો. તે વખતે તેમણે શ્રી. અને સૌ. શ્રીમતી પાંડુરંગ દીક્ષિતને એક દિવસ સવારે જ મુલાકાત આપવા માટે બોલાવી લીધા. તે પ્રમાણે બન્ને સવારે જ ત્યાં પહોંચ્યાં, પરંતુ બપોરના ત્રણ વાગ્યા સુધી સ્વામીએ તેમને દર્શન આપ્યા નહીં.

બન્ને પતિ-પત્ની ભૂખ્યા પેટે ત્યાં જ સીડી નીચે સ્વામીના દર્શનની આશા મનમાં લઈને બેસી રહ્યાં. છેલ્લે ત્રણ વાગ્યે સ્વામી તે જ સીડી (દાદર) પરથી નીચે આવ્યા અને બોલ્યો - "ક્યા દીક્ષિ કૈસા ઉપવાસ હો ગયા? આજ ગુરવાર હૈ, અચ્છા હૈ. કૈસી તપશ્ચર્યા, ચલો અંદર."

ત્યાર પછી અંદાજે કલાક પછી સ્વામીએ બન્ને ઉપર કૃપાનો વર્ષાવ (કૃપા ની વર્ષા) કર્યો. ચાર વાગે અચાનક સ્વામી તેમને બોલ્યા - "તે બનાવેલી શિરડીસાઈની ડોક્યુમેંટરી ફિલ્મ મારે જોવી છે. જા લઈ આવ."

સ્વામીની આજ્ઞા શિરોધાર્ય (સિરસાવંધ) માનીને શ્રી. દીક્ષિત ત્યાંથી નીકળ્યા અને જે કંપનીમાં તેમણે ફિલ્મ પ્રોસેસિંગ માટે આપી હતી ત્યાં પહોંચ્યા. ખરેખર આ ફિલ્મ તેમણે બે દિવસ પહેલા જ પ્રોસેસિંગ માટે આપી હતી અને તે મળતા ઓછામાં ઓછા ૮ થી ૧૦ દિવસ લાગશે એની તેમને ખબર હતી, પરંતુ સાઈ ઉપરની શ્રદ્ધાને લીધે, તેમની આજ્ઞા માનીને, શ્રી. દીક્ષિત કંપનીમાં ગયા હતા અને સામેથી એક પટાવાળો ફિલ્મના બે ડબા ખભા પર મૂકીને અંદર આવતો તેમણે જોયો. તે ડબા હતા શિરડી સાઈ ઉપરની ડોક્યુમેંટરી ફિલ્મના! વાત જાણે એમ થઈ કે, તે જ વખતે પ્રથમ જ નવી પદ્ધતિથી પ્રોસેસિંગ કરવાથી ફક્ત બે જ દિવસમાં આ કામ પૂરું થયું હતું. શ્રી. દીક્ષિત આ ડબા લઈને મોદીના બંગલે પહોંચ્યા. તેમણે સ્વામીને પુષ્પહાર પહેરાવ્યો અને સ્વામીની આજ્ઞાથી તે વખતે ઉપસ્થિત થોડા જ ભક્તો સમેત બધાએ આ લઘુપટ જોવાની શરૂઆત કરી. લઘુપટ શરૂ થયા પછી તેમાંના પ્રત્યેક દશ્યનું વર્ણન સ્વામીએ પોતે કર્યું. જ્યારે શામસુંદર ઘોડાનું પૂતળું દેખાયું કે તરત જ સ્વામી બોલ્યા - "આ પહેલા શામ નામનો રસોઈયો હતો. પછી તેનો અશ્વયોનિમાં જન્મ થયો એટલે સાઈએ તેનું નામ રાખ્યું હતું શામસુંદર." દ્વારકામાઈમાંના સાઈના પોટ્રેટને જોતા સ્વામી બોલ્યા - કાકા જયકરે મારી પાછળ પડીને (જીદ કરીને) મારી પરવાનગી મેળવી હતી અને મારી સામે બે દિવસ સુધી બેસીને તેણે આ ચિત્ર બનાવ્યું હતું."

આવી રીતે પ્રત્યેક દશ્યનું તેમણે વર્ણન કર્યું. લઘુપટ પૂર્ણ થતા સ્વામી બોલ્યા- "આજ એને કયું ફિલ્મ દેખી માલૂમ? આજ મેંને ફિલ્મ દેખકે બર્થડે સેલિબ્રેટ કિયા!" ઉપસ્થિત ભક્તોને ઘણું આશ્ચર્ય થયું. કારણકે સ્વામીનો જન્મ દિવસ તો ૨૩ નવેમ્બર છે, તો પછી આવું કેવું? તરત જ સ્વામી બોલ્યા "મેરા નહીં, પહલે શરીર કા!"

ઉપરની ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે, સાઈના બન્ને અવતારોમાં કોઈ ભેદ (ફરક) નથી જે સ્વામીએ આજ સુધી શરીરથી ક્યારેય શિરડીમાં પ્રવેશ કર્યો નથી. તે સ્વામીએ કેવળ લઘુપટ જોતી

વખતે તેમાંના પ્રત્યેક સ્થળનું એટલું સચોટ વર્ણન કર્યું કે, જેમને આ બન્ને અવતારો 'એક જ હોવા વિશે જે કોઈ શંકા હશે તો તેનું નિરાકરણ થવું જ જોઈએ.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||